મારી ટીકા કરો, નિંદા કરો, કે વખાણ કરો,
હજી હું જીવું છું, એની જગતને જાણ કરો!

બધી વાતે તમે જીદે ચડો એ ઠીક નથી,
નજીવી વાતમાં ઝાઝી ન ખેંચતાણ કરો!

જગતમાં જાણીતા થાવું જરાય અઘરું નથી,
અજાણ્યા માણસો સાથેય ઓળખાણ કરો!

વિરહની રાતને સ્વપ્નાઓથી સજાવી દો,
તમારી ઊંઘને શા માટે લોહીઝાણ કરો!

ગમે તે રીતે પણ જાવું છે સામે પાર હવે,
તરીને જાવ કે હોડી કરો વહાણ કરો!

હરીફોને કહો રોકી શકો તો રોકો મને,
ભલે ને રસ્તામાં ખાડો કરો કે ખાણ કરો!

નિશાનો તાકવા માટે ખલીલ આવો તો તમે,
ધનુષ્ય આંખને કરજો, નજરને બાણ કરો!

■

# સગપણ

સાવ અધ્ધરતાલ ના દઈએ વચન જોવું પડે,
માતૃઘર જોવું પડે પિતૃસદન જોવું પડે!

વગડો તો બસ ખાતરીપૂર્વકનો એ વગડો જ છે,
મોસમોની ખાતરી કરવા ચમન જોવું પડે!

જાવ તો કૂંપળ ને કળીઓની ખબર પૂછી શકો,
ખુશ્બૂઓના નામે ફૂલોનું બદન જોવું પડે!

અસલી કરતાં નકલીનો ચળકાટ ઝાઝો હોય છે!
કાચનો ટુકડો છે કે અસલી રતન જોવું પડે!

ફૂલ છે, તારી નશીલી આંખ છે ને જામ છે,
ક્યાં જઈને ચોંટશે આ મારું મન જોવું પડે!

ઈદ કે દિવાળી જેવા વારતહેવારે કદી,
બાર મહિને બાપદાદાનું વતન જોવું પડે!

ખેંચતાં પહેલાં ખલીલ એ જોઈ લઈએ આપણે,
એણે ચાદર ઓઢી છે અથવા કફન જોવું પડે!

■

મારી હસ્તી શું જુએ, મારી જીવનશૈલી તો જો,
મહેફિલો, જલસા, ઉજાણી ને મારી મસ્તી તો જો!

એની આંખો કેમ આંટા મારે છે જાણી તો જો,
શું ઇરાદો છે તમારો, એટલું પૂછી તો જો!

વાંચવા મળશે આ સાચા દિલનો સંદેશો તને,
વૉટ્સ છોડી મારી આંખોને તું વાંચી તો જો!

કેટલી તાકત છે તારામાં ખબર પડશે તને,
બે દિવસ માટે તું મારી જિંદગી જીવી તો જો!

એમની આંખોમાં છે એ તારી બોતલમાં નથી,
એમના હાથે ફક્ત બે ઘૂંટ પાણી પી તો જો!

કાળજે ભોંકાશે કાચી ઊંઘના ટુકડા તને,
ખૂબ સુંદર સ્વપ્નમાં અધવચ્ચે તું જાગી તો જો!

શી ખબર સ્વાગત મળે છે કે મળે છે વાયદો,
પણ ખલીલ એની જ ખુદની સાંજ તું માગી તો જો!

■

સગપણ

એ ફરી જાશે મને નો'તી ખબર,
છેતરી જાશે મને નો'તી ખબર!

જેને મેં મારા ગણ્યા'તા એ મને,
વીસરી જાશે મને નો'તી ખબર!

એ ખબર જોવાના નામે જખ્મને,
ખોતરી જાશે મને નો'તી ખબર!

સાચવીને રાખવા આપ્યું'તું દિલ,
કાતરી જાશે મને નો'તી ખબર!

એ ગઝલ જેવી મારી મોંઘી મતા,
વાપરી જાશે મને નો'તી ખબર!

પૂરની માફક ઉમળકો, લાગણી
ઓસરી જાશે મને નો'તી ખબર!

આ હરીફો મારા રસ્તે કંટકો,
પાથરી જાશે મને નો'તી ખબર!

મેં તો માન્યું'તું ખલીલ એ માપશે
વેતરી જાશે મને નો'તી ખબર!

■

થોડું ના ફાવે તને, ઝાઝું મને ના પરવડે,
હું તને ના પરવડું ને તું મને ના પરવડે!

બે દિવસ સાથે રહીને એટલું જાણી લે તું,
શું ગમે, શું ના ગમે ને શું મને ના પરવડે!

આમ તો તું પૂરેપૂરી પરવડી ગઈ છે મને,
પણ અમુક વાતે તારું ઊંહું મને ના પરવડે!

હા કે ના કૈં પણ કહે પણ હસ્તો ચહેરો રાખ તું,
આ તારું વંકાયેલું મોઢું મને ના પરવડે!

જ્યાં પરસ્પર એકબીજાની ખબર પૂછે નહીં,
એ ગલી, એ ગામ, એ ફળિયું મને ના પરવડે!

હું મારા શબ્દોને ચાખી ચાખીને બોલું સદા,
ખાટું તૂરું ચાલે પણ કડવું મને ના પરવડે!

એક પીંછામાં રીઝે એવો કનૈયો હું નથી,
પાંખ આખી જોઈએ પીંછું મને ના પરવડે!

ફળ મળે, ભોજન મળે અથવા ખલીલ એનું વચન,
સાવ પાકું જોઈએ કાચું મને ના પરવડે!

■

ચ્હેરો મારા ખોબામાં બરોબરનો ગોઠવી,
એણે કહ્યું લે વાંચ ગઝલની આ ચોપડી!

સજ્જનતા સાથે મારે હતી દોસ્તી છતાં,
બદમાશો સાથે પણ મેં નિભાવી છે દોસ્તી!

ડંખે ન જોજે યાર ફરી ધ્યાન રાખજે,
આવ્યો છે બીજી વાર ઉતારીને કાંચળી!

જો દોરડા પે ચાલી શકો તો ગઝલ લખો,
છંદોની ઊંડી ખીણ છે ને તેય સાંકડી!

કોના વિરહનું દર્દ મળ્યું છે ખલીલને,
ઊંઘે છે રાતે મોડો સિતારા ગણી ગણી!

■

મારા શબ્દો છે સાદા સરળ કેટલા,
તે છતાં અર્થ રાખે સબળ કેટલા!

તારી મહેફિલમાં ઊમટ્યું'તું આખું નગર,
મારા જેવા હતા ભાતીગળ કેટલા!

ખાલી હિબકાં ને ડૂસકાં ન ગણતાં રહો,
એ જુઓ કે નયન છે સજળ કેટલાં!

ખારવાને જરા શ્વાસ લેવા તો દો,
એ ન પૂછો કે દરિયે વમળ કેટલા!

સામી છાતીના જખ્મો હું ભૂલી ગયો,
યાદ રાખ્યા ફક્ત પીઠબળ કેટલા

પાણી મંતરાવી મંતરાવી પાયું મને,
લીંબું બાળ્યાં ને ફોડ્યાં શ્રીફળ કેટલા!

જો ખલીલ આજ નિષ્ફળતા પૂછે મને,
તારી માફક થયા છે સફળ કેટલા!

■

આવ્યો મારો પહેલો મિસ્રો તારા નામે,
ચલ રાજી થા, આખો મત્લો તારા નામે!

દિલની ધડકનમાં કાયમ અંગડાઈ તારી,
દરશન માટે પ્યાસી આંખો તારા નામે!

ગઝલોનું બંધારણ તારી કાયા જેવું,
છંદોબદ્ધ રૂપાળા શબ્દો તારા નામે!

દિલ આપી દઉં દિલની આજુબાજુ દઈ દઉં,
જખ્મોનો એ આખો જિલ્લો તારા નામે!

ઘાયલ મન, ટળવળતી આશા, બળતું હૈયું,
આંખોમાં ઉભરાતો દરિયો તારા નામે!

ડાળે ડાળે હરતો ફરતો શોધ્યા કરતો,
કોયલનો રઘવાયો ટૌકો તારા નામે!

ભરબપ્પોરે માથે બેસી પગ નીચેથી
પડછાયો ખોતરતો તડકો તારા નામે!

બંને વારસદારો સરખા તોપણ ખલીલ,
ભાઈને કૈ દો મારો હિસ્સો તારા નામે.

■

કયા વિરહમાં રગડા જેવી ઊંઘ માણી છે કદી,
કંટકોની સેજ પર પણ સોડ તણી છે કદી!

જિંદગીએ જે મને આપ્યું તે સ્વીકારી લીધું,
હોઠ પર તો ક્યાં કશી ફરિયાદ આણી છે કદી!

ફૂલનો કે ફૂલની ખુશ્બૂનો ક્યાં મોહતાજ છું,
કોઈ દિ' ચંપો ચમેલી, રાતરાણી છે કદી!

આમ તો છે ખુશમિજાજીના જ જલસા ચોતરફ,
તોય આ રેતાળ આંખો પાણી પાણી છે કદી!

એકસરખી જિંદગી તો ક્યાં ગુજારી છે અમે,
સાવ એકલતા કદી, મહેફિલ ઉજાણી છે કદી!

પાંદડું, પરપોટો, ઝાકળ, અશ્રુઓ અથવા હૃદય,
કોણે સૌના તૂટવાની પીડા જાણી છે કદી!

એ ગમે ત્યારે ખલીલ આવે ગમે તે માર્ગથી,
ક્યાં મુસીબત આપણા ઘરથી અજાણી છે કદી!

■

ફ્લેટમાં ઓસરીને શોધું છું,
ઓટલા ઓટલીને શોધું છું!

ખાસું ટોળું મનેય શોધે છે,
હું તને એકલીને શોધું છું!

હું તને તો અનેક ચ્હેરામાં,
પાંપણો પાથરીને શોધું છું!

ક્યાંથી આપું હું મારું સરનામું,
હું જ મારી ગલીને શોધું છું,

એ ય તરસી જ હો મારી માફક,
એક એવી નદીને શોધું છું!

કઈ ગઝલમાં છે ભાળ તો કાઢો,
હું ય ધનતેજવીને શોધું છું!

■

અમે તો કાચ અને કાચની તો કિસ્મત શું,
તમારા ચ્હેરા વિના આયનામાં બરકત શું!

તમે ગઝલ છો, તમારો રૂવાબ લાખેણો,
અમે તો સાવ અછાંદસ અમારી કિંમત શું!

તમે તો ખૂણેખૂણો કબજે કર્યો છે દિલનો,
હું તમને ભૂલી શકું, આ હૃદયની તાકત શું!

તને હું પામી જવા ખુદને ખોઈ બેઠો છું,
ન હો જો ત્યાગ, સમર્પણ તો એ મહોબ્બત શું!

બધા જ પ્રશ્નો ફક્ત દિલની લાગણીના છે,
વફા શું ચીજ, વફાદારી શું, બગાવત શું!

તિરાડ પાડી હતી જેણે આપણી વચ્ચે,
એ દોસ્તો જ હતા, દુશ્મનોની હિંમત શું!

ખરેલ પાન જો માતમ કરે ન મોસમનું!
તો પાનખરથી નવી કૂંપળોને નફરત શું!

સમયના હાથમાં છે આપણી મુલાકાતો,
મળ્યા, મળ્યા ન મળ્યા આપણે શિકાયત શું!

ખલીલ મનમાં ઉમળકો ન હોય મળવાનો,
તો યાર! હાથ મિલાવાની પણ જરૂરત શું!

■

જો જાય પેલો કાફલો હું છું કે હું નથી,
એ કાફલામાં શોધજો હું છું કે હું નથી!

હું છું કે હું નથી મને ખુદને નથી ખબર,
જોવા દે લાવ આયનો હું છું કે હું નથી!

બંધ બારણાને જોઈ ના પાછા વળી જતાં,
દરવાજો થપથપાવજો હું છું કે હું નથી!

જ્યારે ખરી જરૂર હો તો હાક મારજો,
મનમાં ન એવું રાખજો હું છું કે હું નથી!

અફવા છે કે ભરમ છે એ જાણી જશો તમે,
જોવા તો યાર, આવજો હું છું કે હું નથી!

દાતરડું લાવજો, કલમ અથવા તો કૅમેરો,
કંઈ પણ પુરાવો લાવજો હું છું કે હું નથી!

હું પણ ખલીલ એ જ છું, સરનામું એ જ છે,
તકતી ઉપર તું નામ જો હું છું કે હું નથી!

■

એક કૂંપળ એવી પેદા કોઈ તો મોસમ કરે,
જ્યાં ખરેલાં પાંદડાં પર પાનખર માતમ કરે!

એમાં મારે શું સમજવું, કોઈ સમજાવો મને,
એ હસે પણ છાનું છાનું વાત પણ મોઘમ કરે!

દીકરાએ તો ધકેલી માને ઘરડાઘર ભણી,
તો ય એ મા દીકરા માટે દુવા કાયમ કરે!

મારી આંખો આંસુઓની માળા પહેરાવે તને,
આવ, પાંપણ પાથરીને પગ નીચે જાજમ કરે!

પરસેવો પાડે બધા પણ યશ ફક્ત એને મળે,
કામ એ જે કંઈ કરે, નોખું કરે ધરખમ કરે!

ચલ રદીફ ને કાફિયાના દીવા સળગાવી દિયે,
હું દિવાળી ઊજવું ને તું ગઝલપાંચમ કરે!

તું ખલીલ આજે નવી એવી ગઝલ તૈયાર કર,
જે ગઝલ કાલે તને મશહૂર ચોગરદમ કરે!

■

# સગપણ

પૂર્વ પ્રેમીઓના કિસ્સા આપણા જેવા હતા,
એમના પણ ઠાઠ ભપકા આપણાં જેવા હતાં!

કાલ સ્વપ્નામાં અડોઅડ બેઠાં'તાં બે પ્રેમીઓ,
ધ્યાનથી જોયું તો ખાસાં આપણાં જેવાં હતાં!

પ્રેમીઓ પર ચોકી પ્હેરો યુગયુગાન્તરથી જ છે,
એમના પણ બાપદાદા આપણા જેવા હતા!

એ જમાનામાંય ઉત્સવ સાથે માતમ પણ હતું,
ક્યાંક આંસુ, ક્યાંક જલસા આપણા જેવા હતા!

એ ઝૂંપડપટ્ટીમાં પણ અંદરથી ઘર જેવું જ ઘર,
ખુરશી ટેબલ ને એ સોફા આપણાં જેવાં હતાં!

કોમ જુદી, નાત જુદી પણ જુદા લાગ્યા નહીં,
એ બધાનાં નાકનકશા આપણાં જેવાં હતાં!

જ્યાં ખલીલ અંગત જીવન જેવું કશું નો'તું છતાં,
એમના ઘરમાંય પડદા આપણા જેવા હતા!

■

લો તમારી સૂઝ પરખાવો મને,
આંસુઓનો રંગ સમજાવો મને!

આ તમારી આબરૂ ઉઘડી જશે,
મૌન રહેવા દો ન બોલાવો મને!

હું નહીં પણ ખુદ તમે બ્હેકી જશો,
થઈ શકે તો આવો બ્હેકાવો મને!

મોતનું જોખમ મેં ગણકાર્યું નથી,
મોતના નામે ન બીવડાવો મને!

ઝેરને તો હું પચાવી પણ ગયો,
આંસુઓની આગ પીવડાવો મને!

હું નહીં પણ રસ્તા ખુદ થાકી ગયા,
બસ હવે ઝાઝું ન દોડાવો મને!

ના ખલીલ એને ન હું સમજી ના શક્યો,
થાય છે એનો જ પસ્તાવો મને!

■

તમારા દિલ સુધી પહોંચી શકું એવી તમન્ના છે,
તમારા પર નિછાવર થઈ જવાની મારી ઇચ્છા છે!

કયો વિસ્તાર મારી જિન્દગીનો હું તને આપું,
નથી અકબંધ મારું જીવન, વિભાગો છે ને ટુકડા છે!

બધા ભેગા મળી આવો ને વહેંચી લો મને આજે,
તપાસી લો તમે મારામાં કોના ક્યા ક્યા હિસ્સા છે!

તને મારામાંથી જે કંઈ પસંદ આવે તે તું લઈ જા,
તિમિર છે, રોશની છે, છાંયડાઓ છે ને તડકા છે!

હવાઓ લઈ ગઈ લૂંટીને સૌ જાગીર ફૂલોની,
હવે ખુશ્બૂ નથી ફૂલોમાં બસ રંગોના ભપકા છે!

અમે જો પ્રેમમાં પડીએ તો એમાં શી નવાઈ છે,
જુઓ ઇતિહાસમાં તો પ્રેમીઓના લાખ કિસ્સા છે!

ખલીલ અમને ગમે તેવી સ્થિતિમાં રહેવું ફાવે છે,
અમારે ઉત્સવો છે ને ઉજાણી છે ને જલસા છે!

■

એના ખેતરને લાડમાં રાખે,
એક છીંડું ન વાડમાં રાખે!

ઘરને ખુલ્લા કમાડમાં રાખે,
કોણ દૃષ્ટિ તિરાડમાં રાખે!

એ મરદ ક્યાં જે શાહુકારીમાં,
મૂછનો વાળ આડમાં રાખે!

ડાકુઓ ખીણની બખોલોમાં,
સાધુ ગુફા પહાડમાં રાખે!

ડાળ કે પાંદડાં વગર પંખી,
ક્યાંથી માળો ય ઝાડમાં રાખે,

હાથ ઝાલો તો ઝણઝણી ઊઠે,
એવો ધબકારો નાડમાં રાખે!

છાંયડો એના કદ મુજબ ઈશ્વર
ક્યાં ખલીલ ઊંચા તાડમાં રાખે!

■